# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

માગ્યું પીરસે છે માં મોસાળે, પ્રશ્નો રહ્યા છે કયાં?
ગાડી દોડે છે વિકાસ પંથે, પ્રશ્નો રહ્યા છે કયાં?
કડક શિક્ષકને પૂછે કોણ? કોની છે હામ!!
છે રોબોટ, રિમોટ દિલ્હીમાં, પ્રશ્નો રહ્યા છે કયાં?
(પ્રશ્નો પૂછવા દેતા નથી! - વિરોધ પક્ષ)

## હાઈકુ

માતૃ ભક્તની -
શ્રી શક્તિ એક્સપ્રેસ,
નવરાત્રીમાં..

વિષ્ણોદેવી ને -
ચૂંટણી વિજયનો
કર્યો ચઢાવો..

## ચિંતન

**અહમેવ ગુરુઃ સુદારુણાના મિતિ, હલાહલ મા સ્મ તાત્ દૃપ્યઃ ।**
**નનુ સન્તિ ભવાદ શાનિ ભૂયો, ભુવને અસ્મિન્ વચનાનિ દુર્જનાનામ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'દુર્જન-નિંદા' નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે :

'કવિ કહે છે કે હે બાપ! હળાહળ ઝેર! બધા કઠોર અને કડવા પદાર્થોમાં સૌથી વધારે કઠોર હું જ છું એવું અભિમાન તું રાખીશ નહીં - કારણ કે આ જગતમાં દુષ્ટ-દુર્જનનાં વચન તો તારી કટુતા-કઠોરતા કરતાં અનેક ઘણાં વધારે ઝેરી અને કઠોર હોય છે.'

અહીં, હળાહળ ઝેરને સંબોધન કરી કહેવામાં આવ્યુ છે કે તારામાં કાતિલ ઝેર ભરેલું છે એવું જો અભિમાન ભર્યું હોય તો કાઢી નાખ તારા કરતાં પણ વધારે દુષિત-કાતિલ-હવા ઝેર બીજું છે - એ છે દુષ્ટ-દુર્જન સ્વભાવવાળાં લોકોની જીભ - એમની જીભની કટુતામાં રહેલું ઝેર તો પીધા વિના (માત્ર સાંભળીને જ) માણસને અસર કરી જાય છે અને એની વેદના ઘટોઘટમાં રગેરગમાં વ્યાપી જાય છે.

## સુવિચાર

- આજે કરવાનું કામ આજે જ કરો.. આવતીકાલની રાહ ન જુઓ.. કારણ કે 'આજ' એ વિજેતાનો મંત્ર છે.. અને 'આવતીકાલ' એ પરાજિતનો પલાયનવાદ છે **- એસ.ભટ્ટાચાર્ય**
- Open Your Eye... Close Your 'I'...મતલબ કે આંખો ઉખાડો અને તમારા 'હું-અહં'ને બંધ કરો **- એસ.એમ.એસ.**
- લોકશાહી વિશે મારો વિચાર એટલો જ છે કે હું કોઇનો ગુલામ નહીં બનું અને ન કોઇનો હું રાજા બનીશ **- લિંકન**
- નેકીની ભાવના એ આપણામાં રહેલું સ્વર્ગ છે. 'પબ્લીસીટી' પરોપકારનું તેજ હણે છે.. 'ગણતરી'નેકીની નિર્મળતાને લૂંટે છે. સ્વાર્થ સેવાની દ્રૌપદી માટે દુઃશાસનરૂપ છે **- ધૂની માંડલીયા**
- ભૂતકાળમાં કરેલી ભૂલો પણ માણસનો સાચો રાહબર બની શકે છે, ભૂતકાળનું સંસ્મરણ એ વર્તમાનને ઉજાળવાનું નિમિત્ત બની શકે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સદાચાર એ માણસનો દિલોજાન દોસ્ત છે.. સંસ્કારિતાની એ પારાશીશી છે 'સદાચાર' એ તો ઇશ્વરની કરૂણા એ માનવજાતને આપેલો મહાન પુરસ્કાર છે **- જ્ઞાનસૂત્ર**
- દયા શરતી, ક્ષમા શરતી, પ્રેમ શરતી અને સમાધાન પણ શરતી આવા શરતી સંજોગોમાં માણસની સાહજિકતા પાતાળે પહોંચી છે **- રમેશ ઓઝા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ મિલીટરીની ખરીદીમાં કૌભાંડ-કટકી કમિશનનો કકળાટ થાય છે. રક્ષકો સરહદ પર ફૂટી જાય દાણચોરી-હેરાફેરી થાય, બધું જ શક્ય છે કેમ કે રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીયતા મરી પરવારી છે.

કાન્હોજી આંગ્રે, અઢારમી સદીમાં આપણા દેશના મલબારના સમુદ્રતટે 'તટરક્ષક' તરીકે ફરજ બજાવતા હતા. ઇતિહાસે નોંધ લીધી છે કે કાનોજી જયાં સુધી જીત્યા ત્યાં સુધી એ સમુદ્ર તટેથી કોઇએ પગપેસારો કરવાની હિંમત કરી ન હતી.

આવા જાગૃત-વફાદાર તટરક્ષક કાન્હોજી ફરજ પર હતા ત્યારે એક પોર્ટુગીઝ જહાજ ત્યાં નાંગર્યું - પોર્ટુગીઝ સરદાર ઉપહારની પેટી લઇ કાન્હોજી પાસે આવ્યો ને તેમને ભેટ ધરી - કાન્હોજીએ પેટી ખોલી જોયું, સોના-ચાંદીના સિક્કા અને હીરા માણેક ઝવેરાત હતા. કાન્હોજી પોર્ટુગીઝોનો ઇરાદો સમજી ગયા. આંખ લાલ કરી, જહાજના હથિયાર-દારૂગોળો જપ્ત કરી - એમને જીવતા જવા દીધા - પેટી પરત આપી.

ત્યાર પછી કદી-કોઇએ કાન્હોજીને લલચાવવાનો પ્રયત્ન ન કર્યો. તટરક્ષક આવા હોય!

Email - sureshchandrabhatt18@gmail.com

# ચબૂતરો ગામની ભાગોળમાં ગામની ધરમધજા થઈને ઊભો હોય, એમાં દાણા ચણવા આવતાં પંખીઓની સંખ્યા ઉપરથી ગામની ખેતીની, ગામની સમૃદ્ધિની, ગામના માણસોની ઉદારતાની અને ધર્મભાવનાની માહિતીનો અંદાજ આવે

## લોકવારસો
## ચબૂતરો

- ભગીરથ બ્રહ્મભટ્ટ

'કબૂતરે વેરી જુવાર, આવો પંખીડા' જેવી પંક્તિ સાંભળતાંની સાથે મને મારા ગામનો ચબૂતરો યાદ આવે છે. ગામ લોકો વાડકામાં દાણા લઇ વહેલી સવારે ચબૂતરે વેરે અને પછી તો... વણનોતર્યાં પારેવાં ઊતરી આવે મારા ગામના ચબૂતરે. મારા ગામમાં દાઢીવાળો બાવો રોજ સવારે ઘેર ઘેર ફરે, રામ રામ બોલે. લોકો દાણા આપે. એ દાણા બધા એ જ દિવસે ચબૂતરે ઠાલવે. એ બાવો ચબૂતરે પહોંચે એ પહેલાં એની આસપાસ કબૂતરો આવી જતાં. ટોળે વળતાં. દાઢીવાલા બાવાથી અમે જરીએ, કબૂતરો નહીં.

ચબૂતરાને કાઠિયાવાડમાં પરબડીના નામે ઓળખવામાં આવે છે. 'ભગવદ્ ગો મંડળ'માં ચબૂતરાને ચોતરો, ઓટલો, ખુલ્લી જગ્યા, પરબડી, છાપરાવાળી અગાશી, ન્યાયની કચેરી એવા અર્થો દ્વારા ઓળખાવાયો છે. 'ચબૂતરો' એ 'કબૂતરો' શબ્દ સાથે કેવળ ધ્વનિ સામ્ય ધરાવતો નથી પણ બોલીમાં થા છે તેમ 'ક' નો 'ચ' થઇ ગયો હોય એમ બનાવા જોગ છે. 'કયારે' ને 'ચ્યારે', 'કેમ'નું 'ચ્યમ' થાય તેમ 'કબૂતરો' ઉપરથી 'ચબૂતરો' થયું ન હોય? મૂળ અર્થ તો કબૂતરોને ચણવા માટેની જગ્યા જ છે. કબૂતર એ અહિંસક પક્ષી છે. એ કોઇ જીવતા નથી ખાતું, કેવળ દાણા જ ખાય છે. વગડામાં અને ગામમાં એ દાણાં શોધે અને ખાય. આમ તો આ દાણા ખુલ્લા ચોકમાં પણ વેરી શકાય. પણ ખૂબ વરસાદ પડતો હોય ત્યારે ચબૂતરાનું મહત્ત્વ સમજાય છે. દાણા પલળે નહિં અને કબૂતરોને ચણવામાં અગવડ પડે નહિં એ હેતુ એની બાંધણી પાછળ રહ્યો હશે. ચબૂતરાની રચના જ એવી કે જયાં હિંસક પ્રાણીઓ પહોંચી શકે નહીં. કૂતરાભાઇ એને ચબૂતરે જોઇ રહે પણ...



ચબૂતરાની સ્થાપત્કલામાં સ્થાનિક રંગો દૃષ્ટિગોચર થાય છે. ભૂજના ભીડમાં ચોકમાં આવેલો ૬૦ ફૂટ ઊંચો ચબૂતરો જોવા જેવો છે. ચબૂતરાને માનવીની દયાવૃત્તિ અને ધર્મભાવના સાથે સંબંધ છે. ચબૂતરામાં અનાજ નાખી માનવી કેળવ પુણ્ય નથી રળતો પણ ઉમાશંકરની પંક્તિઓને અનુમોદન આપે છે -

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે પંકી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ.

હવે તો બાંધેલા ચબૂતરા પડવા માંડ્યા છે. એના સમારકામનો કોઇને વખત નથી. ચોરાય ગયા ને ચબૂતરાય ગયા. લોકોને પોતાની જ ચિંતા છે ત્યાં પારેવાનીં પરવા કોણ કરે? ગામ વચ્ચેની એ ખાલી જગા ઉપર ગ્રામજનોની અને વહીવટદારોની નજર બગડી છે, એ ચબૂતરાને પડાવી નાખવામાં એમને રસ છે. ચોરા-ચબૂતરાનો મહિમા જ રહ્યો નથી. કબૂતરોય હવે દાઢીવાળો બાવો મરી ગયા પછી ગામ લોકોને ઓળખી ગયા હોય તેમ ઝાઝાં દેખાતાં નથી. શું એમની ઘટતી વસતી ઘટી ગઇ હશે? એવો પ્રશ્ન મને હંમેશા થયો છે. ચબૂતરો ગામની ભાગોળમાં ગામની ધરમધજા થઇને ઊભો હોય. એમાં દાણા ચણવા આવતાં પંખીઓની સંખ્યા ઉપરથી ગામની ખેતીની, ગામની સમૃદ્ધિની, ગામના માણસોની ઉદારતાની અને ધર્મભાવનાની માહિતીનો અંદાજ આવે.

ચબૂતરો લાકડાનોય હોય ને સિમેન્ટનો પણ હોય, બાંધેલો પણ હોય અને ઘડેલો પણ હોય, પતરાંનો પણ હોય. નીચે છ સાત ફૂટ સ્તંભ એની ઉપર ચાર પાંચ ફૂટના વ્યાસવાળો પરિઘ અને એ ખુલ્લી જગ્યામાં જ દાણા વેરાય. એની ઉપર બે-ત્રણ હાથ ઊંચે પતરાની છત છાઇ દીધી હોય... દાણા ખાઇને છત ઉપર જઇ પારેવાં બેસે.

આજે તો ચબૂતરોય નથી રહ્યો કે નથી રહ્યો ચોરો. પક્ષીઓ પણ ચણ ચણવા ગામમાં આવવાનું ભૂલી ગયા છે... જે જગાએ પક્ષીઓ આવતાં એ જગાએ નફ્ફટ છોકરા પાનાં રમે છે, જુગાર રમે છે, એના ટેકે ગામાત પાડો પોતાની પીઠ ઘસે છે. શાક વેચવાવાળા ચબૂતરાની બાજુમાં ટોપલાં ગોઠવીને બેસી જાય છે - તેમને કયાં ખબર છે. પારેવાંની જગ્યા ઉપર તેઓ બેસી ગયાં છે!! ચબૂતરો બંધાવેલ વ્યક્તિની તકતી પણ વાંચવી જેવી. 'પરસોત્તમ રામાજીની બાઇ વિધવાએ સવંત ૧૮૯૦માં આ ચબૂતરો કરાવ્યો' શબ્દો મહત્ત્વનાં નથી એની ભાવનાનું મૂલ્ય છે. આજે એ પેઢીનો ત્રીજો વંશ એ ચબૂતરો જુએ છે - પણ પેટનું પાણી હાલતું નથી.

ચબૂતરો ભાંગી પડયો છે, એ ચબૂતરો કાંઇ અકસ્માતથી કે ભૂકંપથી નથી ભાંગ્યો. એ ચબૂતરાના પાયા તો લોકોની હૃદયભૂમિમાં નંખાતા હતા, એ હૈયામાંથી ચબૂતરાના પાયા હચમચી ગયા છે. ભાવનાઓ અદૃશ્ય થઇ. લોકજીવનની સાહજિકતાનો સૂર્યાસ્ત થઇ રહ્યો છે. ચબૂતરાની દુર્દશા તો લોકજીવનની પડતીનો માત્ર એક સંકેત છે. ચબૂતરાની જગ્યાએ આવી આવીને નિસાસો નાંખી, ભરચોમાસે પંખીડાં પાછાં જાય છે. ત્યારે મારા હૃદયમાં અરેરાટી થાય છે... પંખીડાંને જિવાડવાની જવાબદારી માનવસમુદાયની ભલે ન હોય, પણ પ્રકૃતિનાં તત્ત્વોને સમજવાની આટલી બધી હદે બેદરકારી? આ વાજબી છે ખરું?

ખંડેર ચબૂતરામાં ભાવનાનો પ્રાણ હવે ધબકતો દેખી શકાતો નથી. લોકોની હૃદયભૂમિ જે મરામત લાગે છે એ સુધારવાની જરૂર છે.

આજે તો ગામડાં તૂટી રહ્યાં છે. ચોરા સાથે ચબૂતરા પણ ભાંગી રહ્યા છે. ચબૂતરાનું જીવન ચાલ્યું ગયું છે - એનાથી પંખીડાં આપઘાત કરવાનાં નથી, પણ પંખીજગતનો માનવજગત સાથેનો જે સમભાવ સેતુ હતો એમાં આવેલી ઓટ કઇ રીતે ભરપાઇ થઇ શકે?

મોસમે મોસમના ઉત્સવો અગાઉની જેમ આજેય ઊજવાય છે પણ એમાં ઉત્સાહ નથી, પ્રાણ નથી એટલે ઉત્સવો પણ નિરાશ થઇને ચાલ્યા જાય છે - એવું ચબૂતરાનું છે... લોકહૃદયમાંથી દુર્બળ બનતી જતી ભાવનાઓ કયાં જઇને થોભશે?

પૂર્વ દિશામાં સૂરજદાદાનું આગમન થાય તે પૂર્વે રંગબેરંગી પક્ષીઓના મધુર કલરવથી ચબૂતરો જીવંત બની જતો હતો. એનું ઐતિહાસિક મૂલ્ય પણ હતું. એના પથ્થર પર થયેલા કોતરકામ તરફથી ગામનો ઇતિહાસ જાણી શકાતો, પક્ષીઓનો મેળો ભરાય એટલે પક્ષીવિદોને અભ્યાસની તક પણ મળી રહેતી. ગામને માટે જાહેર સૂચનોનો એની ભીતિ લખાતી... આજે તો સૂર્યોદય થવાની ઘટના જોવાની કોને નવરાશ છે? ચબૂતરાના વૈભવની વાત કરવાય કોણ નવરું છે?

# દહેજ વિરોધી કલમ ૪૯૮-એ અંગે સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચુકાદો

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ઈન્ડીયન પીનલ કોડ ૧૯૮૩ ની કલમ ૪૯૮-એ તથા દહેજ વિરોધી કાયદો ૧૯૬૧ હેઠળ દહેજના કાયદાનો ફરીયાદ પક્ષ દ્વારા ગેરફાયદો ઉઠાવી નિર્દોષ લોકોને ઘણી વખત હેરાન કરવામાં આ કાયદાનો ખોટો ઉપયોગ કરાતો હોવાનું સુપ્રીત કોર્ટના ધ્યાનમાં આવતા મહત્વની સૂચના તપાસ કર્તા પોલીસ અધિકારીઓ માટે ગાઈડ લાઈન બહાર પાડવામાં આવેલ છે.

દહેજની ફરીયાદ પોલીસ અધિકારી સમક્ષ રજુ કરવામાં આવે તો આવા કિસ્સામાં તાત્કાલિક આરપીઓની ધરપકડ કરવાના બદલે સૂચના સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ છે. કેસના સાચા ખોટાની નિષ્પક્ષ તપાસ બાદ તથા ભોગ બનનાર તેમજ આરોપ જેની સામે કરવામાં આવેલા હોય તે તમામ પક્ષકારોના નિવેદન સાક્ષીઓની જુબાની મેળવી ત્યારબાદ જ ધરપકડ જરૂર જણાય તો કરવાની સૂચના રાજય સરકારને આપેલ છે.

અસંતુષ્ટ પત્નીઓ દ્વારા કેટલીય વખત નિર્દોષ પતી તથા સાસરેયા સામે ખોટી ફરીયાદ કરી કાયદાનો ઢાલ તરીકે ઉપયોગ કરવાના બદલે હથીયાર તરીકે ઉપયોગ કરે છે તેવા કિસ્સા સમાજ માટે ભયજનક સુપ્રિમ કોર્ટે ગણાવ્યા છે. પોલીસ આવા કિસ્સામાં આરોપીઓની ધરપકડ કરતા પહેલા નામદાર જજ સમક્ષ પૂરતા કારણો અને પુરાવા રજુ કર્યા બાદ જ જજ આરોપીની ધરપકડની પરવાનગી આપશે.

દહેજના એક કેસમાં પતી દ્વારા આગોતરા જામીન માંગતા સમગ્ર હકિકત નામદાર સુપ્રિમ કોર્ટના ધ્યાને આવી. જસ્ટીસ ચંદ્રમૈલીકુમાર પ્રસાદ અને જસ્ટીસ પીનાકિચંદ્ર ઘોષે પીડીસન નં. ૯૧૨૭/૨૦૧૩ ના કેસમાં તારીખ : ૨/૭/૨૦૧૪ ના રોજ ચુકાદો આપતા જણાવ્યું હતુ કે કલમ ૪૯૮-એ મહિલાઓને કાયદાનું રક્ષણ પૂરૂ પાડવા ઢાલ તરીકે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવેલ છે જેનો ખોટી રીતે મહિલાઓ હથીયાર તરીકે ઉપયોગ કરી ગેરફાયદો ઉઠાવી નિર્દોષ લોકોને હેરાન કરી શકે નહિ આવી ફરીયાદમાં સાસરીયાના અન્ય લોકોની સંડોવણી ના હોવા છતાં હોવા છતા ખોટી રીતે માનસીક દબાણમાં લાવવા માટે આરોપી તરીકે નામો દાખલ કરવામાં આવે છે પતી-પત્નીના ઝઘડામાં ઘણી વખત સાસુ, સસરા કે નણંદને કોઈ જ લેવા દેવા હોતી નથી તેમ છતા પાડાના વાંકે પખાલીને ડામ જેવી રીત અજમાવવામાં આવે છે જે ગેરવ્યાજબી છે કાયદો આરોપીને સજા અપાવવા માટે છે નિર્દોષોને હેરાનગતી કરવા માટે નથી.

વર્ષ ૨૦૧૨ માં દહેજ વિરોધી ધારા અન્વયે દેશભરમાં આશરે બે લાખ લોકોની ધરપકડ કરવામાં આવી હતી કલમ ૪૯૮-એ મુજબ મહિલાઓ દ્વારા ફરીયાદ કરવાની ટકાવારી ૯૩.૬ ટકા છે જેમાંથી માત્ર ૧૫ ટકા લોકોને જ સજા થાય છે બાકીના પુરાવાના અભાવે અગરતો ખોટી ફરીયાદના કારણે છુટી જાય છે ૪૯૮-એ મુજબ ૨૦૧૨માં ૩૭૨૭૦૬ કેસોની સુનાવણી નામદાર કોર્ટમાં હાથ ધરાતા તેમાંથી ૩૧૭૦૦૦ કેસોમાં આરોપીઓ નિર્દોષ છુટી ગયા હતા. આ આંકડા જ દર્શાવે છે કે મહિલાઓએ કલમ ૪૯૮-એ નો ખોટો દૂરઉપયોગ કરેલ છે તેમ છતાં ઘણા સાચા કેસોમાં સાક્ષી પુરાવા તથા ટેકનીકલ ખામી ના કારણે સાચા આરોપીઓ પણ નિર્દોષ છુટી જતા હોય છે જેનો આંકડો ખુબ જ ઓછો છે.

દહેજના કારણોસર ગુજરાતમાં વર્ષ ૨૦૧૩ માં ૧૭૨ અપમૃત્યુ થયા છે દહેજ લેવુએ ગુનો છે તો દહેજ આપવુ એ પણ ગુનો ગણવો જોઈએ પરંતુ દહેજ આપનાર સામે આજદિન સુધી એક પણ ફરીયાદ કે ગુનો નોંધાયેલ નથી.

નામદાર સુપ્રિમ કોર્ટની ખંડપીઠે જણાવેલ કે આવી સખત કલમ હેઠળ ધરપકડ થાય ત્યારે વ્યકિતઓ સમાજ અને જ્ઞાતિમાં બદનામી થાય છે સદર કલમ બિન જામીનપાત્ર હોય આરોપી પાસે જેલમાં જવા સીવાય કોઈ વિકલ્પ નથી હોતો ઘણા ઓછા કેસોમાં આગોતરા જામની નામદાર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવે છે.

હવે નામદાર સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન બાદ પુરાવા સીવાય અગર તો નામદાર કોર્ટની સૂચના કે આદેશ સીવાય આવા કેસોમાં પોલીસ દ્વારા ખોટી રીતે ધરપકડ કરવામાં આવશે તો પોલીસ વિરૂધ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટ તથા ખાતાકીય તપાસ પણ કરવામાં આવશે.

કાયદા પંચ અને ગૃહ વિભાગ અને સંસદીય સ્ટેન્ડીંગ કમીટીને પણ આવા કેસો પતી-પત્ની સમાધાનથી પતાવટ કરે તે જોવું જોઈએ તેમ સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે.

મહિલા અધિકારી કાર્યકર્તાઓના વિરોધ વચ્ચે સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી પુરૂષો અને તેમના પરિવારજનો માટે સ્ત્રી દ્વારા કરવામાં આવતા ખોટા કેસોમાં રાહતરૂપ થશે જેમ કે ફરીયાદ સાચી હશે તો પોલીસ પુરાવા બાદ પણ આરોપીની ધરપકડ કરી શકશે.

# આપણો હિમાલય વિશ્વની ઊંચામાં ઊંચી પર્વતમાળા ધરાવે છે, તેની પહોળાઈ ૧૬૦ થી ૩૨૦ કિલોમીટર અને લંબાઈ ૨૪૦૦ કિલોમીટર જેટલી છે. દેશના જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશ જેવા છ રાજયોમાં તે ફેલાયેલો છે

## હિમાલય પર્વત
## વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

અંગ્રેજીમાં પર્વતોને આપણે માઉન્ટેઇન્સ (Mountains) કહીએ છીએ અને ટેકરીઓને હીલ્સ (Hills) કહીએ છીએ. આપણને પર્વત અને ટેકરી શબ્દ સરખા અર્થવાળા લાગે પરંતુ ૬૦૦ મીટર કરતાં વધુ ઊંચાઇ ધરાવતાં જમીની વિસ્તારો પર્વતોની કક્ષામાં મુકવામાં આવે છે. જેમાં તેની વ્યાખ્યા પ્રમાણે પર્વતો '૬૦૦ મીટર કરતાં વધુ ઊંચાઇ ધરાવતાં ત્રાંસા, ઊંચા-નીચા, ઢોળાવવાળા સાંકડા શિખર સ્વરૂપો' છે. તેનાંથી ઓછી ઊંચાઇ ધરાવતાં ભાગો ટેકરીઓ ગણાય છે.

આ પૃથ્વી પરના જમીન વિસ્તારના ૨૬ % જેટલા ભાગો પર્વતીય વિસ્તારો હેઠળ છે. આ પૃથ્વી પરના પ્રત્યેક ખંડમાં પર્વતો જોવા મળે છે.



પૃથ્વીની ઉત્પતિ સમયે એક જ ખંડ હતો. જેને 'સુપર કોન્ટીનેન્ટ' કહેવામાં આવેલ છે અને તેનું નામ 'પેનજીયા' અપાયું છે. આ 'પેનજીયા' નામના પૃથ્વી પરના એક જ ખંડના અંદાજે ૨૦૦૦ લાખ વર્ષ પહેલાં ટુકડા થયા અને તેમાંથી અન્ય ખંડો બન્યા. નવા બનેલા આ ખંડોની વચ્ચે દરિયાના પાણી ભરાઇ ગયા.

પર્વતો કઇ રીતે રચાયા તેની કોઇ ચોક્કસ માહિતી નથી. પરંતુ જે ખંડો રચાયા હતા તે વર્ષોથી ખસતાં રહે છે અને આજે પણ તે પ્રક્રિયા ચાલુ છે. બે ખંડોના અથડાવવાથી, ઠંડા અને ગરમ પ્રદેશોના હલનચલનથી કે ધરતીકંપો અને ગુરૂત્વાકર્ષણ જેવા બળોને કારણે પર્વતો ઉદ્ભવ્યા હોવાનું કહેવાય છે. પર્વતો બનવામાં લાખો વર્ષ લાગ્યા છે. અને હાલમાં પણ તે પ્રક્રિયા ચાલુ જ છે. પર્વતો બનવાની પ્રક્રિયાને આરોગેની (Orogeny) કહેવામાં આવે છે. આરોગેની એક ગ્રીક શબ્દ છે. જેનો અર્ત થાય છે 'પર્વતોનું ઉચકાવવું.'

પર્વતો કઇ રીતે બન્યા છે તે આધારે તેનું વર્ગીકરણ કરવામાં આવે છે. આ પ્રમાણે જવાળામુખી (Volcanic) પ્રક્રિયા. પૃથ્વીના પોપડાઓનું હચનચલન (Crustal Move) જમીન ધોવાણ (Erosion) અને કાપની જમાવટ (Sedimentary deposits) જેવા કારણોથી પર્વતો બને છે.

વિશ્વના ઊંચામાં ઊંચા પર્વતો બે ખંડોના અથડાવવાથી પેદા થયા છે આપણી હિમાલય પર્વતમાળા ભારતીય પ્લેટ (ખંડ) અને યુરેશિયન પ્લેટ વચ્ચેના ટકરાવને પરિણામે ઊભી થયેલ છે. આવા પ્રદેશો દરિયાઇ ભાગો હોવાથી આવા પર્વતીય વિસ્તારોમાંથી દરિયાઇ જીવોના અશ્મિઓ (Fossils) અને પુરાવાઓ મળે છે. પ્રાપ્ત થતાં દરિયાઇ જીવાવષેશ અને ખડકોના રેડીયો એક્ટિવ એલીમેન્ટના ડેટીંગને આધારે પર્વતોની ઉંમર જાણી શકાય છે. આપણાં હિમાલય પર્વતની ઉંમર ૪૦૦ થી ૫૦૦ લાખ વર્ષ હોવાનું કહેવાય છે.

આપણો હિમાલય વિશ્વની ઊંચામાં ઊંચી પર્વતમાળા ધરાવે છે. તેની પહોળાઇ ૧૬૦ થી ૩૨૦ કિલોમીટર અને લંબાઇ ૨૪૦૦ કિલોમીટર જેટલી છે. દેશના જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશ જેવા છ રાજયોમાં તે ફેલાયેલો છે.

હિમાલયના ત્રણ સમાંતર ક્ષેત્રો છે. જેમાં બૃહદ હિમાલય (Great Himalaya), લઘુ હિમાલય (Middle Himalaya) અને બાહ્ય હિમાલયા (Sub Himalaya) એમ ત્રણ ભાગોમાં તેને વહેંચવામાં આવ્યો છે.

ખુબ જ ઊંચાઇ ધરાવતાં નેપાલ અને સિક્કીમ વિસ્તારના પર્વતીય ક્ષેત્રો તેના નામ મુજબ ગ્રેટ હિમાલયા તરીકે જાણીતા છે. જેમાં ઝન્સકાર, લડાખ અને કૈલા, રંજોનો સમાવેશ થાય છે. તિબેટ કૈલાશ રેંજોનો સમાવેશ થાય છે. તિબેટ સ્પર્શતી કારાકોરમ રેંજ પણ ગ્રેટ હિમાલયાંજ ભાગ છે. ૬૦૦૦ થી ૧૦૦૦૦ ફૂટની ઊંચાઇ સુધીની પર્વતમાળાઓ લઘુ હિમાલયા તરીકે જાણીતી છે. જેમાં નાગટીબ્બા, ધૌલાધાર અને પીરપાનજલ ભાગો સામેલ છે. જયારે શિવાણી રેંજ હિમાલયના તળિયાના અને સપાટ ભાગો જેવા કે તરાઇ અને દ્રારસ સામેલ છે. બાહ્ય હિમાલયાના આ ભાગોમાં સપાટ તળિયા જેમાં ખીણ વિસ્તારો પણ આવે છે. જેને 'દૂન' પણ કહે છે.

હિમાલય પર્વત ગેડ પર્વતો (Fold Mountains) નો પ્રકાર છે. જે મોટાભાગે સમુદ્રિ તળિયાના પ્રદેશો કે જળાશયોના તળિયે બનેલા જળકૃત - પ્રસતર ખડકોને બનેલ છે. તૃતીય જીવયુગ (Yertiary) અથવા તો નૂતન જીવ (Cenezoic) યુગ દરમિયાન આ પર્વતો ઉદ્ભવ્યા હોવાનું મનાય છે.

હિમાલય પર્વતની કહી શકાય તેવી કુલ ૨૩ જેટલી નદીઓ છે. તેમાં મુખ્ય બ્રહ્મપુત્ર, ગંગા અને સિંધુ પ્રણાલી સાથે આ નદીઓ સંબંધ છે. સામાન્ય રીતે બધી નદીઓને નારીવાચક નામથી બોલાય છે. જયારે 'બ્રહ્મપુત્ર' નદીનું નામ 'નર વાચક' છે. બ્રહ્મપુત્ર, સતલજ અને સિંધુ હિમાલય પર્વતના ઉત્થાન પહેલાની નદીઓ છે. જયારે હિમાલયના ઉત્થાનના બીજા તબક્કા દરમિયાન ગંગા, કાલી, ઘાગરા, ગંડક અને ટીસ્ટા એ બૃહદ હિમાલયની નદીઓ ગણાય છે. જયારે હિલ્ડન અને સેલાની એ શિવાલિક એટલે કે બ્રાહ્ય હિમાલયની નદીઓ ગણાય છે.

પિતા અને દેશના તાજ સમાન હિમાલયા પર્વત માળા દેશની ઉત્તરરીય અને પૂર્વીય સીમાઓનું રક્ષણ કરી ઊભી છે. તેની સાથે સાથે તેની ભૌગોલિક અને જૈવિક વિવિધતાના પરિણામે દેશની કરોડરજ્જુ સમાન છે. દેશના કરોડો લોકો તેના પર નિર્ભર છે. તેના કારણે જ આપણે તેને શિવ સ્વરૂપ પણ માનીએ છીએ.